## શામળાજી મંદિરમાં

# ભગવાન કાળીયા ઠાકોર પર ચાંદીની પીચકારીથી કેસૂડાંનો રંગ છંટાયો

### ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું, ધાણીનો પ્રસાદ

શામળાજી, તા. ૨૮

રાજ્યભરમાં આસ્થાના કેન્દ્ર સમા સુપ્રસિદ્ધ યાત્રાધામોમાં દર વર્ષે રંગેચંગે હોળી-ધુળેટીની ઉજવણી કરવામાં આવે છે જેમાં મંદિરમાં બિરાજતા ભગવાનને પણ સોના-ચાંદીની પિચકારીથી પૂજારી કેસુડો અને અબીલ-ગુલાલના રંગે રંગતા હોય છે અને મંદિર પરિસરમાં શ્રદ્ધાળુઓ ભગવાનના સાનિધ્યમાં હોળી-ધુળેટીની ઉજવણી કરતા હોય છે કોરોના કહેર વચ્ચે દ્વારકા અને ડાકોર મંદિર ત્રણ દિવસ બંધ રાખવામાં આવ્યા છે ફાગણી પુનમ નિમિતે અંબાજી, સોમનાથ અને શામળાજી મંદિરમાં ભક્તો દર્શન કરી શકે તે માટે મંદિરના દ્વાર ખુલ્લા હોવાથી વહેલી સવારથી ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું શામળાજી મંદિરમાં ભગવાન શામળિયાને ચાંદીની પીચકારીમાં કેસુડો અને અબીલ-ગુલાલથી રંગોત્સવ રમાડવામાં આવ્યો હતો ભક્તો પર કેસુડો અને અબીલ-ગુલાલ છાંટતા ભક્તો અભિભૂત થયા હતા ભગવાન કાળીયા ઠાકોરને ધાણીનો પ્રસાદ ધરાતા ભક્તો ધાણીનો પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી



સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમા ફાગણી પૂનમે ભક્તોનું વહેલી સવાર થી ઘોડાપુર ઉમટ્યું હતું મંદિરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાન કાળીયા ઠાકોર સાથે હોળીનો રંગોત્સવ ઉજવવા યાત્રાધામમાં ઉમટ્યા હતા શામળિયા ભગવાનને હોળી-ધુળેટી તહેવાર નિમિત્તે અનોખો શણગાર સજ્યો હતો અને શણગાર આરતી સમયે ભગવાન શામળિયાને પણ હોળી રમાડવામાં આવી છે.શામળાજી મંદિરના મુખ્યાજી અને પૂજારીએ અબીલ ગુલાલના રંગો અને કેસુડાના રંગને ચાંદીની પીચકારીમાં ભરી ભગવાન શામળીયાને રંગોત્સવ રમાડવામાં આવ્યા છે.જાણે સમગ્ર મંદિર પરિસર અબીલ ગુલાલની છોળોથી રંગાઈ ગયું હતું. હોળીના પાવન અવસરે ભગવાનના દર્શને આવતા ભક્તો માટે મંદિર પરિસરમાં સૅનેટાઈઝર તેમજ માસ્ક સાથે દર્શન થાય તેવી મંદિર ટ્રસ્ટ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી.



# પ્રાંતિજ ખાતે રહેતા સમસ્ત બ્રહ્મ સમાજના ભાઈઓનું સ્નેહ સંમેલન યોજાયુ

પ્રાંતિજ તા.૨૭


સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા સમસ્ત બ્રહ્મ સમાજ ના ભાઈ- બહેનોનુ સ્નેહ સંમેલન અને સામાન્ય સભા યોજાઈ હતી જેમા સમાજ ના તેજસ્વી તારલાઓનુ સન્માન કરવામા આવ્યુ હતુ તો પ્રમુખ -હોદેદારો સહિત નવી કારોબારી ની રચના કરવામા આવી હતી .

પ્રાંતિજ ત્રિવેદી મેવાડા વાડી ખાતે પ્રાંતિજ ખાતે રહેતા સમસ્ત બ્રહ્મસમાજ નો સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયો હતો જેમા બ્રહ્મસમાજ ના તેજસ્વી તારલાઓ નુ ઈનામ આપી સન્માન કરવામા આવ્યુ હતુ તો આ વર્ષે ઈનામ ના દાતા તરીકે ભાનુભાઈ કાન્તિભાઈ રાવલ પરિવાર હસ્તે આશિષ ભાઈ દ્વારા બાળકો ને ઈનામ આપવામા આવ્યા હતા તો બ્રહ્મ સમાજ ના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને બાદમા સામાન્ય સભા યોજાઈ હતી જેમા આવનાર બે વર્ષ માટે નવા પ્રમુખ હોદેદારો અને કારોબારી ની વરણી કરવામા આવી હતી જેમા પ્રમુખ તરીકે રાવલ સમાજ ના હર્ષદભાઈ લક્ષ્મણ ભાઈ રાવલ (લાંબા) ની પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામા આવી હતી તો મંત્રી સહિત હોદેદારો , કારોબારી સભ્યો ની નિમણૂંક કરવામા આવી હતી નવા વરાયેલા પ્રમુખ હર્ષદભાઈ લક્ષ્મણ ભાઈ રાવલ નુ ફૂલહાર પહેરાવીને સન્માન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે સમસ્ત બ્રહ્મ સમાજ ના વડીલો આગેવાનો સહિત પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ મહારાજ, યોગેશભાઈ રાવલ , શુભુભાઈ રાવલ, મધુભાઈ રાવલ, અરવિંદભાઈ રાવલ, પ્રતાગભાઈ ત્રિવેદી, જીગ્નેશભાઈ, ગોર સાહેબ સહિત કારોબારી સભ્યો સમસ્ત બ્રહ્મસમાજ ના ભાઈ બહેનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા અને એકબીજા ને શુભેચ્છાઓ શુભેચ્છાઓ પાઠવી હતી.



# પિતાના મરણોત્તર પ્રસંગમાં મહિલા પિયરમાં ગઈને તસ્કરો ત્રાટક્યા





મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં તસ્કર ટોળકીએ જમાવટ કરી હોય તેમ સતત ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે શની-રવીની રજાઓમાં બંધ મકાન,દુકાનમાં તસ્કર ટોળકી ત્રાટકી ચોરી-લૂંટ કરી રફુચક્કર થઈ જતા રહેણાંક વિસ્તારોમાં નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવા માંગ પ્રબળ બની છે મોડાસા શહેરની પાંચજયોત સોસાયટીમાં રહેતા મહિલા તેમના પરિવાર સાથે તેમના પિતાના મરણોત્તર પ્રસંગમાં બહાર જતા બંધ મકાનમાં તસ્કરો ત્રાટકી ૨.૩૦ હજાર રોકડા અને સોના ચાંદી મળી ૭ લાખથી વધુની ચોરી કરી તસ્કરો ફરાર થઈ જતા લોકોમાં ફફડાટ ફેલાયો છે ટાઉન પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી રાબેતા મુજબ પ્રાથમિક તપાસ હાથધરી હતી

ભેસાવાડાના અને છોટા ઉદેપુર ધંધો કરતા પરેશભાઈ રમણભાઈ પટેલના પત્ની મોડાસા શહેરની પંચજ્યોત સોસાયટીમાં ભાડાના મકાનમાં રહે છે ત્યારે બે દિવસ અગાઉ તેમના સસરાની મરણોત્તર પ્રસંગમાં તેમના પત્ની મકાનને લોક મારી ગયા હતા ત્યારે ઘરની બહાર આવેલી લોખંડી જાળી તોડી બંધ મકાનમાં તસ્કરો ત્રાટકી ઘરના દરવાજાના તાળુ-નકુચો તોડી નાખી ઘરમાં પ્રવેશેલા તસ્કરોએ ઘરની અંદરની તીજોરી,કબાટ સહિત લોકર તોડી નાખી ૨.૩૦ લાખ રોકડા, ૧૦ કિલો ચાંદી અને ૭ તોલા જેટલા સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા અંદાજે ૭ લાખથી વધુ રૂપિયાની રોકડ સહિત દર દાગીના ની ચોરીની આ ઘટનાએ નગરમાં ચકચાર મચાવી હતી બંધ મકાનમાં ધીંગી ચોરીની ખેપ મારી તસ્કરો ફરાર થતા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમીક તપાસ હાથધરી હતી

# અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિના ચેરમેન પદે રમેશભાઈ પટેલની નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

અરવલ્લી જિલ્લા પંચાયતની વિવિધ કારોબારી સમિતિઓની જાહેરાત થઈ છે ત્યારે મહત્વની અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિના ચેરમેન પદે બાયડ તાલુકાના જૂનીવાસણી ગામના વતની અને દિપેશ્વરી હાઈસ્કુલ-ચોઈલામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા રમેશભાઈ કેશવલાલ પટેલની નિયુક્તિ થઈ છે. શિક્ષણક્ષેત્ર સાથે છેલ્લા ૨૨ વર્ષથી સંકળાયેલા હોવાથી જિલ્લાના ૫૨૦૦ પ્રા.શિક્ષકોની પાયાની મુશ્કેલી તેઓ આસાનીથી સમજી શકશે તેવી પ્રા.શિક્ષકોને અપેક્ષા છે. અરવલ્લી જિલ્લા પંચાયતની મુદત પૂર્ણ થતાં ગત મહિને ૩૦ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાઈ જેમાં ભાજપે ઐતિહાસિક ૨૫ બેઠકો મેળવી અરવલ્લી જિલ્લા પંચાયત ઉપર ભાજપનો ભગવો લહેરાવ્યો હતો. પ્રમુખ-ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ, પક્ષના નેતા અને દંડકની નિયુક્તિ પછી વિવિધ કારોબારી સમિતિની નિયુક્તિમાં કોનો નંબર લાગશે તેની અનેક અટકળો ચાલી રહી હતી. ગત રોજ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં વિવિધ સમિતિઓના સભ્યોની નિયુક્તિ કરવામાં આવી છે. જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે બાયડ તાલુકા ઉપર પસંદગી ઉતારી ઉંટરડા જિલ્લા પંચાયત બેઠક ઉપરથી વિજેતા બનેલા ભાજપના રમેશભાઈ પટેલની નિયુક્તિથી બાયડ તાલુકામાં ખુશાલી જોવા મળી હતી. આગામી વર્ષ-૨૦૨૨ માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાને રાખીને બાયડ તાલુકાનો પશ્ચિમગાળો વર્ષોથી ભાજપનો ગઢ છે તેના ફલસ્વરૂપે શિક્ષણ સમિતિમાં સ્થાન મળ્યાનું મનાઈ રહ્યું છે.



**શિક્ષણક્ષેત્ર સાથે છેલ્લા ૨૨ વર્ષથી સંકળાયેલા હોવાથી પ્રા.શિક્ષકોની મુશ્કેલી સમજશે**

# જેસીંગપુરકંપાની સીમમાં યુવકનો આપઘાત

### ગળે ફાંસો લગાવી જીવન ટૂંકાવ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ભિલોડા તાલુકાના જેસીંગપુરકંપાની સીમમાં કોઈ અગમ્ય કારણોસર મૌલિક રાવજીભાઈ અસારી(ઉ.૨૫ વર્ષ)એ ઝાડ ઉપર ફાંસો લગાવી આત્મહત્યા કરતાં અરેરાટી વ્યાપી છે. યુવકે કયા કારણોસર જીંદગીથી ત્રાસી જઈ મરવા સુધીનું પગલું ભર્યું છે તેને લઈને અનેક તર્ક થઈ રહ્યા છે. બનાવ અંગે ભિલોડા પોલીસે એડી નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવની જાણ ભિલોડા પોલીસને કરવામાં આવી હતી જેથી પોલીસે સ્થળ ઉપર પહોંચી લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

# રખિયાલ પાસે ડાલુ જીપે બાઈક પર જતા ૨ ભાઈઓને ફંગોળ્યા

### ૧ નું મોત, ૧ ની હાલત ગંભીર, અકસ્માત કરી ભાગવા જતાં ડાલુ પલ્ટ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

મોડાસા તાલુકાના રખિયાલ નજીક ડાલુજીપ ચાલકે બાઈકને ટક્કર મારતાં રસ્તા પર ફંગોળાયેલા ૨ ભાઈઓ પૈકી ૧નું મોત નિપજ્યું હતું. મોતની દુર્ઘટનાથી નાનીઈસરોલ ગામમાં માતમ છવાયો હતો. અકસ્માત સર્જ્યા પછી વાહન ચાલકે રસ્તામાં બળદગાડાને ટક્કર માર્યા પછી આગળ જઈને વાહન પલટતાં ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસે ડાલુ ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



ઝાહેવારો સમયે માર્ગો ઉપર યમદૂતે ધામા નાખી દીધા છે. વાહનોની અવર જવરમાં વધારો થતાં એક જ પરિવારના ભાઈઓ દુર્ઘટનાનો ભોગ બનતા હોવાથી માતમ છવાયો છે. મોડાસા તાલુકાના નાનીઈસરોલ ગામના પ્રકાશ તરાર અને ભાઈ અજમેલ તરાર તા.૨૬ના રોજ રાત્રિના ૮-૩૦ કલાકે રખિયાલ થી કેશાપુર જતા રોડ ઉપર પસાર થતા હતા જે સમયે સામેથી આવતી ડાલુજીપ(નં.જી.જે.-એવી-૬૯૦૫)ના ચાલકે ટક્કર મારી બાઈકને દૂર ફંગોળી નાખતાં બંન્ને ભાઈ રોડ ઉપર પટકાતાં માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયેલા ૨ ભાઈ પૈકી પ્રકાશ તરારનું મોત નિપજ્યું હતું. જ્યારે અજમેલ તરારની હાલત ગંભીર બતાવાઈ રહી છે. બાઈકને ટક્કર માર્યા પછી ડાલુજીપ ચાલકે સ્થળ ઉપરથી પૂરઝડપે ભાગી છૂટવાનો પ્રયાસ કર્યો હતો જેમાં રખિયાલ ગામમાં બળદગાડાને ટક્કર મારી સ્ટીયરીંગ પરનો ચાલકે કાબુ ગુમાવતાં મંદિર નજીક ડાલુજીપ ઉંધું વળતાં રાત્રે લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં જ્યારે ભીડનો ફાયદો ઉઠાવી આરોપી ચાલક સ્થળ ઉપરથી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ડાહ્યાભાઈ તરારની ફરિયાદના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.




## કચ્છથી ગ્રાઉન્ડ રિપોર્ટ

# કચ્છના રણમાં ગુલાબી ધોમેડો પક્ષીઓના ઈંડાં ઉપર બુલડોઝર ફરાવતાં કોન્ટ્રાક્ટર સામે રોષ

### સંરક્ષિત પ્રજાતિમાં આવતા ૪૦૦૦થી વધુ વિદેશી બચ્ચાંના જીવ ઉપર જોખમ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

કચ્છના રણમાં ગુલાબી ધોમેડો પક્ષીઓના ઈંડા ઉપર બુલ્ડોઝર ફરાવતાં સમગ્ર રાજ્યના પક્ષી પ્રેમીઓમાં રોષ ચરમ સીમાએ છે. ગાંધીનગર સમાચાર દ્વારા કચ્છથી તેનો ગ્રાઉન્ડ રિપોર્ટ મેળવવામાં આવ્યો છે જેમાં કચ્છના મોટા રણમાં યુરોપથી આવતા ગુલાબી ધોમેડો પક્ષીઓની મોટી વસાહત છે. અગાઉ કોરોનાના કારણે રોડનું કામ શરૂ થઈ શક્યું ન હતું કોન્ટ્રાક્ટર દ્વારા રોડનું કામ હાથ ઉપર લેવામાં આવ્યું તે અગાઉ નજીકમાં જ માટીનો રોડ બનાવી ધોમેડો પક્ષીઓના ઈંડાં અને બચ્ચાંને રોડ ઉપર ખસેડવામાં આવ્યાં પરંતુ હવે તેમના ઉપર જંગલી પ્રાણીઓ શિકાર કરવાની દહેશત ઉભી થઈ છે. આ સંજોગોમાં ૪૦૦૦થી વધુ વિદેશી પક્ષીઓના બચ્ચાંના જીવ ઉપર જોખમ ઉભું થયું છે.

પક્ષી પ્રેમી બાયડના યુવાને આપેલી જાણકારી મુજબ ગુલાબી ધોમેડોને અંગ્રેજીમાં સ્લેન્ડર બિલેર્ડ ગુલ તરીકે ઓળખાય છે. ધોમેડો જાતીનું પક્ષી બતકના જેટલું કદ ધરાવે છે. ઉત્તર-દક્ષિણ આફ્રીકા અને યુરોપથી આ પક્ષીઓ હજારોની સંખ્યામાં ઉડીને પશ્ચિમ ભારતના કચ્છ, જામનગર અને દક્ષિણ પાકિસ્તાનના પ્રાંતોમાં ખારા સરોવરો, ખારી પ્રદેશો, અખાતમાં પોતાની સંવર્ધન ભૂમિ બનાવે છે. ખાસ કરીને શિયાળામાં આ પક્ષીઓ આવતા હોય છે. ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં ઈંડાં મૂક્યા બાદ ૨૫ દિવસ સુધી તેનું સેવન થાય છે અને બચ્ચાં બહાર આવ્યા બાદ બીજા ૨૫ દિવસમાં પુખ્ત બનતા હોય છે. વર્ષ-૨૦૨૦માં કચ્છમાં વરસાદ સારો પડ્યો હોવાથી આ વર્ષે કચ્છના રણમાં પાણી ભરાવવાના કારણે ત્યાં છીછરા તળાવો નિર્માણ પામ્યા. આ વર્ષે ઘણી મોટી સંખ્યામાં ગુલાબી ધોમેડા અહીં સ્થળાંતરીત થયા હતા જે ઘણાં વર્ષો બાદ બનેલી ઘટના છે. ઘણીવાર માનવીની વિસ્તારવાદી પ્રવૃત્તિના કારણે આવી સંવેદનશીલ અને સંરક્ષિત પ્રજાતિઓને ખુબ મોટી નુકસાની ભોગવવી પડે છે. રોડ નિર્માણના કામમાં ધોમેડો પક્ષીઓના ઈંડાં અને બચ્ચાં અવરોધરૂપ હતા જેથી કોન્ટ્રાક્ટરે ભલે જીવદયા દાખવવાના ભાગરૂપે માટીનો રોડ બનાવી ઈંડાં-બચ્ચાંનું ત્યાં સ્થળાંતર કર્યું પરંતુ જે રીતે ધોમેડો પક્ષીએ માળા બનાવ્યા હતા તેવા માળાનું અસ્તિત્વ રહ્યું નથી અને તમામ ઈંડાં અને બચ્ચાં શિકારીઓના હાથે નષ્ટ થવાની નોબત આવી છે. પક્ષીઓના અભ્યાસુ યુવાને જણાવ્યું કે ધોમેડો જાતિના પક્ષી ખોરાક તરીકે માછલી, અપૃષ્ઠવંશી દરિયાઈ પ્રાણીઓ ખાય છે. આઈ.યુ.સી.એન. કેટેગરીમાં આ પક્ષી લીસ્ટ કોન્સર્ન એટલે કે ઓછામાં ઓછી સંખ્યામાં ગુજરાતમાં જોવા મળે છે આથી તે સંરક્ષિત પ્રજાતિમાં આવે છે.








# નાયક સમાજ યુવા સંગઠનના પ્રમુખ પદે ડો. અતુલ નાયક

સરડોઈ, તા.૨૮

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા નાયક યુવા સંગઠન( એન.એસ.વાય.એસ) ની વિશ્વ રંગભૂમિ દિવસે હિંમતનગરના પ્રભુતા પાર્ટી હોલ ખાતે જનરલ મિટિંગ નું આયોજન થયું જેમાં



સંગઠન ના પ્રમુખ પદે જાણીતા બાળ રોગ નિષ્ણાત ડો.અતુલ ભાઈ નાયક (કિલોલ હોસ્પિટલ - હિંમતનગર) ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી આ પ્રસંગે ડો. કાંતિ ભાઈ નાયક ,ડો.જગદીશ ભાઈ નાયક, ડો.અશ્વિન ભાઈ નાયક ,સંગઠન ના પૂર્વ કન્વીનર ડો.સોહમ નાયક, બાબુ ભાઈ નાયક,પંકજ ભાઈ નાયક,ધીરજ ભાઈ નાયક,રતિભાઈ નાયક,રસિક ભાઈ કે. નાયક, દિનેશભાઈ આર.નાયક, સરડોઈ તેમજ સમાજ ના સૌ યુવકો એ તેમની વરણી ને આવકારી અભિનંદન આપ્યા હતા.

# સાબરકાંઠા, અરવલ્લીમાં પ્રતિબંધો વચ્ચે હોળિકા દહન, મોટાભાગના પ્રતિબંધો ભૂલાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

રવિવારે ફાગણ સુદ પુનમના દિવસે હોળી પર્વની સમી સાંજથી રાત સુધી આસ્થા સાથે ઉજવણી થઈ. હોળિકા દહનમાં કોરોનાના વધતા કેસના કારણે અનેક પ્રતિબંધો હોવા છતાં મોટાભાગના સ્થળે પ્રતિબંધો ભૂલાયા હતા. શ્રદ્ધા ધરાવતા લોકોની ભીડ જોવા મળી. સોશ્યલ ડિસ્ટન્સ ભૂલાયું હતું. જિલ્લામાં મોટાભાગે રાત્રે ૭-૦૦ થી ૧૦-૦૦ પહેલાં હોળી પ્રગટાવવામાં આવી હતી અને આ સાથે રાત્રે હોળાષ્ટક પૂરાં થયાં છે. સોમવાર સવારથી પ્રજા શુભકાર્યો કરી શકે છે તેમ જ્યોતિષીઓ જણાવી રહ્યા છે.

**હોળિકા દહન સ્થળે શ્રદ્ધા ધરાવતા લોકોની ભીડ, સોશ્યલ ડિસ્ટન્સ ભૂલાયું**

કોરોના જેવી મહામારી છતાં પણ પ્રજામાં હોળી પર્વનો ખાસ કરીને હોળિકા દહન સ્થળે પગે લાગવાની આસ્થામાં કોઈ ફેર પડ્યો નથી. જિલ્લાના બાયડ, ધનસુરા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ હોળી પ્રાગટ્ય માટે તૈયારીઓ કરવામાં આવી હતી. અનેક બાળકોએ સામૂહીક ફાળો ઉઘરાવી કાષ્ટ એકત્ર કર્યા હતાં તો ક્યાંક ગૌકાષ્ટનો ઉપયોગ જોવા મળ્યો. જિલ્લાના તમામ નાના-મોટા ૧૬૦૦ ગામડાઓમાં સમી સાંજે શુભ મુહર્તમાં હોળિકા દહન કરવામાં આવ્યું. કેટલાક વિસ્તારોમાં પ્રજા કોરોનાના આતંકને ખાળવા સોશ્યલ ડિસ્ટન્સ જાળવ્યું તો ક્યાંક મોટાપાયે જેમના પ્રસંગના કારણે એટલી બધી ભીડ જોવા મળી કે સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું પણ ભૂલાયું. લાગે છે હોળિકા પર્વ પછી પણ કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બની શકે છે. સિમિત લોકોની હાજરીમાં હોળિકા દહન કાર્યક્રમ યોજવાની સૂચના હતી પરંતુ આસ્થા સામે તંત્ર અને પોલીસ પણ મજબૂર બને તે સ્વાભાવિક છે. જ્યારે આજે ધુળેટીમાં સામૂહીક કાર્યક્રમો ઉપર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

## જન્મદિને વધામણી



સ્વાસ્વત જીજ્ઞેશભાઈ બ્રહ્મભટ્ટ
બાયડ



નેહાંસી સંજયભાઈ ચૌહાણ
રૂપારેલ, તા.બાયડ



ધવલસિંહ જયેન્દ્રસિંહ સોલંકી
ખરોડ, તા.વિરપુર



ચંદ્રેશકુમાર જશુભાઈ પટેલ
બાયડ (આકરૂન્દ)



એડવોકેટ નિલેષભાઈ કોઠારી
મોડાસા



સંજય નટવરભાઈ પ્રજાપતિ
બાયડ



ધવલ પટેલ
વડાગામ

## અવસાન નોંધ...



બાયડ, મોડાસાના આશિષભાઈ સોની (આશિષ ગ્રાફીક્સ, મોડાસા)ના પિતા અરવિંદભાઈ નટવરભાઈ સોનીનું નિધન થયેલ છે. વર્તમાન પરિસ્થિતિના કારણે બેસણું રાખેલ નથી.